હીયારામના—ટેહીઆ.

રસભરી કલ્પીત વાર્તા.

ભાગ ૧ લો.

રચનાર તથા પ્રકાશક.
રણછોડલાલ મોહનલાલ ગોળવાળા.
માંડવીની પોળમાં—શેઠની પોળ.
અમદાવાદ.

શ્રી "શારદા" પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ડાહ્યાભાઇ હરીલાલે છાપી.
ધાંચીની પોળમાં—અમદાવાદ.

કીંમત ૦—૦—૬ પઇ.

ટીલીયારામના ટેલીઆ.

રસભરી કલ્પીત વારતા.

સંધ્યાકાળનો સમય થયો હતો. મીલોની વ્હીસલો થઇ હતી, તેથી મીલોમાં કામ કરનારા મજુરો ઘેર જતા હતા. તે વખતે ધુળ બહુજ ઉડતી હતી, તેથી એક બીજાને ઓળખી શકાતુ નહોતું તે વખતે હું પણ તેજ રસ્તે થઇને મારે ઘેર જતો હતો, ત્યારે ઝાડીમાં એક સ્ત્રી, એક પુરૂષ સાથે વાત કરતી હતી કે વ્હાલા તમે કાલે જશો ત્યારે પાછા ક્યારે મળશો ?

પુરૂષ—મારો વીચાર કાલમાં જવાનો માંડી વાળ્યો છે, કારણકે મેં શેઠને ઉંધું ચતું સમજાવ્યુ છે. અને તેમણે એમ કહયું છે કે તમે અહીં રહી તમારો અભ્યાસ ચાલુ રાખો; તેથી ફક્ત મારે એજ દીવસ જવું પડશે, અને ત્યાંથી મારી ચોપડીઓ વગેરે લઇને હું પાછો આવીશ.

સ્ત્રી—ઠીક ! પણ વ્હાલા, પેલા [illegible]ને તમે ખુશી કરવા કહયું હતુ, તે પ્રમાણે તમે કર્યું નથી તેથી તે આપણી વાત કહી દેશે તો ફજેતી થશે,

પુરૂષ—હેં ત્યારે વ્હાલી આ સો રૂપીઆની નોટ છે તે તેને આપજે.

પ્રીય વાંચકો આ સ્ત્રી કોણ હતી તે તમને જાણવાની જીજ્ઞાસા ઘણી હશે. તો તે આપણી વાર્તાના નાયક ટીલીયારામની ભાભી હતી આટલી વાત સાંભળી હું મારે ઘેર ગયો પણ કાંઇ ચેન પડ્યું નહિ તેથી હું ટીલીયારામને ઘેર ગયો મને ટીલીયારામ સારી પેઠે ઓળખતા હતા તેથી મને માન આપી બોલાવ્યો પછી પુછ્યું કે કેમ કંઇ નવા સમાચાર લાવ્યા છો ત્યારે મેં કહ્યું કે નારે સાહેબ આજે જરા ઘેર ગમતું નહોતું તેથી હું આપને ફક્ત મળવાજ આવ્યો છું. મીત્રો આ ટીલીયારામ ગામનો એક ભીક્ષુક (અયાચીક) બ્રાહ્મણ હતો તે મહાન કંજુસ અદેખો તથા કલેશી હતો તે બીજાનું સારૂં દેખીને પોતે બળી જતો હતો. કારણ બ્રાહ્મણ ભાઇની જાત એટલે પછી તો પુછવુંજ શું તેથી ગામના લોકો તેને હડહડ કરીને ધીક્કારતા હતા તે શાસ્ત્ર ભણેલા હતા તેમને કોઇપણ જાતનું સંતાનનું સુખ હતું નહિ. તેથી પોતે પોતાના મોટા ભાઇના છોકરા મથુરભાઇને દત્તક લીધો હતો ટીલીયારામ જો કે તે બ્રાહ્મણ હતા પણ વૈષ્ણવ સંપ્રદાયને વધારે માનતા હતા તેથી તેમને સુવારાવાળા જોડે બીલકુલ રાગ આવતો નહિ, (જેમ લોકો ગાંડાને શેઠ કહે છે તેમ

તેમને લોકો શેઠ કહેતા હતા) કેટલાક સજ્જનોને તમાકુ ખાવાનો શોખ હોય છે તો તેમણે ભાંગનો બહુજ શોખ હતો ઉનાળામાં તો દરરોજ ભાંગ પીતા હતા હું ટીલીઆરામ પાસે બેઠો હતો તેવામાં ચટપટીઆદાસ તથા ગરોડાદાસ વીગેરે ટેલીઆઓ આવ્યા તેમને જોઇને ટીલીઆરામે જે શ્રીકૃષ્ણ કહી સર્વેને આવકાર આપી બેસાડ્યા ત્યાર પછી ભાંગની લોટીઓ ચઢાવી પછી ગરોડાદાસ બોલ્યા શેઠજી ? જરા ઉઠીને ખાનગીમાં આવો મારે તમને એક વાત કહેવાની છે ? ત્યારે ટીલીઆરામ બોલ્યા કે, અહીં કોઇ બીજું પરાયું માણસ નથી, આ માણસ આપણા ઘેરાજ છે, માટે જે કહેવાનું હોય તે અહીં કહેશો તો બીલકુલ વાંધો નથી ત્યારે ગરોડાદાસ બોલ્યા કે આજે હું તથા ચટપટીદાસ ઠાકોરજી દરશન કરીને આવતા હતા, ત્યારે તમારાં જતન ભાભી રંગીલદાસ સાથે કાંઇ છાની વાતો કરતાં હતાં, અને મને એમ લાગે છે કે તેઓની વાતોમાં કાંઇ કાળું ધોળું હોવું જોઇએ. કારણ કે અરણ્યમાંથી આવતાં સડક પાસે એક જામફળની ઝાડીમાં તેઓ વાતો કરતાં હતાં. અને તે ઝાડીની પાસે આપડા પેલા સાળા અણુપ્રસાદ ત્યાં ઉભો હતો પણ તે હતો અગર બીજો માણસ હતો તે ઓળખી શકાયું નહિ. કારણ કે બીરતીઓ પાણી છાંટયું નહોતું અને મીસોના માણસની આવજાવ ઘણી હતી તેથી હુજ બહુ ઓ-

રહી હતી. પછી ટીલીઆરામે, રંગીલદાસને પોતાની પાસે બોલા-વ્યો અને તેને ઘણાજ ગુસ્સાથી કહ્યું કે રંગીલદાસ તમે તમારા ગામ એકદમ ચાલ્યા જાઓ તમારૂં મોં હું હવેથી જોવા માંગતો નથી.

રંગીલદાસ—શેઠજી મારેથી તો એટલો બધો શો ગુનો છે જેથી મને એકદમ ઘેર જવા કહો છો !

ટીલીઆરામ—તમે નાદાન માણસ છો તમે જેનું લુણ ખા-ઓછો તેનુંજ હરામ કરો છો.

રંગીલદાસ—ઠીક જેવી શેઠ સાહેબની મરજી રંગીલદાસ તરતજ ત્યાંથી પોતાની ઓરડીમાં ગયો અને પોતાનો સામાન પેક કરી જતનને મળ્યા વગર સ્ટેશનપર ગયો તેના મનમાં એમ આ-વ્યું કે જતને કહેલી નોટ ભૈયાને આપી નહી હોય; તે રાંડ લુચ્ચી હોવી જોઇએ એટલે ભૈયાએ શેઠને વાત કહી હશે. અરે ! જે બનનાકાળ હતું તે બન્યું અને ત્યાંથી પોતાને ગામ ગયો.

રંગીલદાસ એક યુવાન તથા ફાંકડો માણસ હતો તે આંખે ચશમા પહેરતો કોટ તથા પાટલુણ પહેરતો પણ જતન તો વંતા-કડીના વેલા જેવી હતી પણ રંગીલદાસ તેને શાથી મોહી રહયો હતો કે, તેની ત્યાં ભણવા રહે ને ઓળખીતાની વહુ એટલે દીલ લલચાયું.

ગરબડદાસ—શેઠજી રંગીલદાસને કાઢયો તે ઠીક કર્યું પણ આપણા મોટાભાઇના છોકરા મથુરદાસે જે પેલી લોખણ રાખી છે તે વિષે ગામમાં આપણને ઘણાજ ધીક્કાર છે.

ટીલીઆરામ—ભાઇ તે વીષે મને ઘણુંજ લાગે છે પણ તેનો મોટી રખાત છે તેની બૈરી તેના કરતાં ઘણીજ સુંદર છે આ તેને મંદવાડ થવાનું કારણ રાંડ કર્કશાજ છે દાકતર પણએ કહે છે પણ તેણે છોડતોજ નથી.

ચટપટીદાસ—હવે તેને આરામ થયો છે કે નહિ.

ટીલીઆરામ—નાકીના દાકતર કહે છે કે આજનો દીવસ તેને બહુ ભારે છે તે વખતે એક ભૈયો આવ્યો ને કહેવા લાગ્યો કે કે શેઠજી ચલો ભાઇકી તબીયત બહોત નરમ હુઇ હૈ અમે ત્યાં જતા જતામાંજ મથુરદાસે દેહ ત્યાગ કર્યો મથુરદાસના શબને બાળીને ઘેર આવ્યા પછી તરતજ લોખણ આવી ટીલીઆરામને કહેવા લાગી કે તમારા છોકરાએ મારી જીંદગી રદ કરી છે હવે હું બીજાને ત્યાં જવા કરતાં અહીંજ તેના નામનો ખુણો પાળી રહીશ આ સાંભળી ટીલીઆરામના પેટમાં તેલ રેડાયું અને કહયું કે અરરર આતો એક વેંઠ પત્યું ને પાછું બીજું જાગ્યું લે ચાલ હું તારી જીંદગી માટે હું તને એક હજાર રૂપીઆ આપું છું તેનું જે વ્યાજ આવે તેમાંથી તું ગુજરાન ચલાવજે.

લોખણ—નારે શેઠ ના મારે તો તેમ કરવું નથી મારે તે દર માસે રૂપીઆ પાંચસો જોઇએ માટે તમારે તેટલા રૂપીઆ આપવા હોય તો હા કહો, નહીતો ના કહો એટલે પછી જુઓ મજા ? તે સાંભળી ટીલીઆરામના ટાંટીઆ નરમ ઘેંસ જેવા થઈ ગયા.

ગરીબડદાસ—અરે કુલટા, રંડા ? તારે તે એટલું બધું ખરચ શામાં છે ! અમારે તો એનું પા ભાગનું એ ખરચ નથી.

લોખણ—બેશબેશ ગરીબડ ! ગાંયજાની માફક જેમ આવે છે તેમ બોલે છે તો તું તારી રાંડને પુછી આવકે આ ટીલીઆરામના રૂપીઆ આટલા બધા લઈને ક્યાં મુકે છે તો તને ખબર નહિ હશે પણ એતો દારૂમાં તથા ખાવામાં તથા રંગરટા-ચરની ગાડીઓ ફેરવામાં જાય છે સમજ્યો કે ? બસ હવે તારી બંધ કર.

ગરીબડદાસ—હાય હાયરે આ રાંડ આ વાત ક્યાંથી જાણે ટીલીઆરામ અને મારી બયરી એ ત્રણ જણ જાણતા હતા અને આ રાંડ ક્યાંથી જાણી. આ તો મારૂંજ કરમ ફુટયું રે બાપલા.

ટીલીઆરામ—કેમ ગરીબડદાસ, એટલીવારમાં ચહેરો ઉતરી ગયો. મનમાં કાંઈ ખોટું લાગ્યું કે શુ ?

ગરીબડદાસ—નારે શેઠજી મને તો કાંઇએ ખોટું લાગે. તેમ

નથી પણ આ શંડની ખરચની માગણી બરાબર છે, કારણ કે તેનું મેહીને પાંચસો રૂપીઆનું ખરચ બરાબર છે.

ટીલીઆરામે મુનીમ ઉપર ચીઠી લખી આપી કે, આ ચીઠી લઇ આવનારને રૂપીઆ પાચસો આ મહીનાના ભાઇને નામે લખીને આપજો.

ચટપટીઆદાસ--શંડ તજી આવો રેલો તો વાત મારી મેલો જરા ગરોડાદાસને બનાવું કેમ ગરોડાદાસ આ શંડ તો બહુ હદ વાળી, હશે એતો ભાંગમા લોટીઓના મીત્રો આપણી શંડ જેવું ગમે તેમ વરતે પણ આપણને કાંઇ ખોટું લાગવાનું છે, એતો જાત ગમે તેન બોલે આપણા ગરીશના બઇરાંને કોઇ એમ કહે એમ છે કે તારી શંડ લુચ્ચી છે ?

ટીલીઆરામ--બાળમુકંદદાસ પેલા આનંદરાવે તો હદ વાળી નાંખી છે કારણ કે એને પોનાના કુટુંબને તેમજ પોતાના જાતીલાઓને સુધારાના સાથી બનાવી નાંખ્યા છે તેથી તે ગામમાં ધણોજ માનીતો થઇ પડ્યો છે.

બાળમુકુંદદાસ--શેઠજી આપણાથી તેના જેવા કામો થઇ શકવાના નથી તેમજ આપણા અદેખા સ્વભાવથી કોઇને માનીતા થઇ શકીશું નહિ.

તીખારામ--તમારા જેવા બાયલાથી તેમાંનું કશુંએ વળવાનું

નથી તે તો એક હીરો છે તેના ઉજાશ વડે સઘળે અજવાળું થાય છે.

ટીલીઆરામ—બહુ સારૂ તીખારામ એકદમ અહીંથી ચાલ્યા જાઓ.

ગ્રંથ વાંચકો હજી તમારે જતન વિશે ઘણું જાણવાનું છે કે આવા ઘરમાં પણ આવા પોગળ ચાલે છે.

જતનનો કારભાર રંગીલદાસ સાથે બંધ પડ્યા પછી થોડા દીવસે બાજુ નામના અશ્વપાલ સાથે તેનો સંબંધ ચાલુ થયો બાજુ જાતનો રજપુત હતો તે ઘણીજ નીચ વસ્તુઓ ખાતો હતો તેના સાથે આપણા જતનાકોર ખુબ પ્યારમાં પડ્યા તે વાત થોડા દીવસ પછી ટીલીઆરામના જાણવામાં આવી તેથી તેણે જતનને ખુબ ઠપકો આપ્યો, ત્યાર પછી વસંતપંચમાનો ઓચ્છવ આવ્યો તે વખતે શેઠના મનને ઉત્કંઠા થઇ કે હવે હું ઘરડો થવા આવ્યો માટે જાત્રાએ જઇને પાવન થાઉ.

ટીલીઆરામ—કેમ ગરોડાદાસ તમે જાત્રાએ આવશો કે ?

ગરોડાદાસ—હાજી મારે પણ જાત્રાએ જવા વિચાર છે.

ટીલીઆરામ—અલ્યા મેઘા રોજનો વખત થયો છે માટે જરા ભાંગ પાણી તો લાવ.

મેઘો—(મનમાં) મારા બેટા ગરોડાદાસ અને ચટપટીઓ આવે છે ને શેઠને ચડાવે છે આજે મોળી ભાંગ પાઉં કે ભાંગ-

નીજ બે ભુલી જાય. (મોળ: ભાંગ લાવે છે.)

(ભાંગ આવી સરવેએ પીધી અને મનમાં સમજી બેશી રહ્યા.)

ટીલીઆરામ—ચટપટીઆદાસ હું અને મરોડાદાસ આવતી કાલે જાતરાએ જવાના છીએ માટે તમો ગામમાંના નવા જુની ખબર લખી જણાવજો.

ચટપટીઆદાસ——સારૂ સાહેબ ઘણીજ ખુશીથી જજો.

જ્યારે શેઠજી જાત્રાએથી પાછા આવ્યા ત્યારે ચટપટીઆદાસને પુછ્યું કે કેમ કાંઇ નવા સમાચાર છે?

ચટપટીઆદાસ——હાજી શેઠ આજ કાલતો જતન વિશે ગામમાં ઘણીજ વાતો થાય છે બાણુ નામના અશ્વપાલની સાથે એશઆરામ તથા દારૂમાંજ વખત ગુમાવે છે અને તે સાથે નાટક ચેતક જેવા જતા હતાં અને ઉજાણીઓ ખાતાં હતાં માટે જતનને હવે સમજાવ જોઇએ.

ટીલીઆરામ——હાઅરે હાય બાપલા હવે તો મોં ઉચુ કાઢી બોલવા વખત રહ્યો નથી હાય હાય આવીએ વાતો તરતજ અશ્વપાલને બોલાવી રજા આપી અને જતનને ખુબ ઠપકો આપ્યો જતન ગઇ કે તરતજ ભાંગની લોટીઓ આવી તે પીધા પછી ચટપટીદાસ બોલ્યા——

ચટપટીઆદાસ--હા સાહેબ એવી એ વાતો એ તો દુનીઆ દોરંગી શેઠજી તમો અગાઉ નળને માટે કહેતા હતા તેનો શો બંદોબસ્ત કર્યો.

ટીલીઆરામ--ભાઈ નળને માટે તો મેં એવું સાંભળ્યું છે સર્વ લોકો લેવાના છે.

ચટપટીઆદાસ--ત્યારે શેઠ, લોકો ન લે તેવો રસ્તો શો છે ?

ટીલીઆરામ--ફકત એકજ રસ્તો છે કે આપણે આપણા જાતીલાઓને ધમકી આપવી કે જે લેશે તેને ગુરુ તરફથી અલગ રાખવામાં આવશે.

બાલમુકુંદદાસ--આપજી અમારા નાતમાં તો ઘેરઘેર નળ આવ્યા છે.

ટીલીઆરામ--ભાઇ ત્યારે તમને ગુરુ તરફથી અલગ કરવામાં આવશે.

બાળમુકુંદદાસ--ત્યારે મને છુટવાનો કોઈ રસ્તો બતાવશો કે ?

ટીલીઆરામ--ફકત એકજ રીત છે કે કુવાના પાણી પીઓ.

ગરોડદાસ--શેઠજી તે તો કાયદે બીલકુલ ચાલશે નહિ પણ શેઠ તમો તમારી નાતમાં પહેલાં બંદોબસ્ત કરો.

ટીલીઆરામ--ઠીક છે.

ચટપટીઆદાસ—શેઠ તમારી નાતીમાં પેલા પર નાતીલાની કન્યાઓ લાવેલાઓનું શું કર્યું.

ટીલીઆરામ—તેઓને તો હજુ સુધી એમે નાત બહારજ રાખ્યા છે,

ચટપટીઆદાસ—શેઠ તેમાં તમારૂં ઘણુંજ દેખાય છે. પ્રથમ તમો તમારૂંજ તપાસો પછી તેમને નાત બહાર મુકવા જોઈતા હતા, કારણ કે આજ મેં તમારા વિશેના બે, ચાર ગીતો સાભળેલા છે.

ગરોડાદાસ—ભાઇ ક્યાંથી સાંભળ્યાં છે અને તે કેવા છે.

ચટપટીઆદાસ—અગાઉ જે વાત થઇ તેનાજ વિશેનાજ છે તો હમણાં હું તમોને કહી સંભળાવુ, જુઓ સાંભળો,

રાગ રાજીઓ.

હાય હાયરે, ટીલીઆરે કેર વરતાવીઓ
તારી આબરૂ જણાઈ જગમાંરે
તારા ઘરમાંએ પોલમપોલ થાઓરે. હાય હાયરે.
જાતીભાઇને દુઃખ ઉપન્નવ્યું
મહીઓ મહી તેં વેર કરાવ્યું
તેમાં તારા તે હાથમાં શું આવ્યુંરે. હાય હાય.
તારી જોડે બેસે છે એ ટેલીઆ

તેણે તને તે ખુબ ભગાણીઆ
તે લોકો તો દાઝ્યા ભણીઆરે   હાય હાય.
આવો ભંગીજન તમે આમ આવો
જગીર અચ્છી તે ભાંગ બનાવે
મહી મરીયાં તે ખુબ નંખાવોરે.   હાય હાય.
અમે વૈષ્ણવ પાકા કહેવાઇએ,
નીતે ભાંગોની લોટીઓ પીઇએ
સાંજ પડે અમે ચકચુર થઇએરે.   હાય હાય.

શેઠ તમારે તો હવે ઉંચું મોં કાઢીને બોલવા જેવું રહ્યું નથી.
તારા છોકરાઓ સારા કહેવાયે, એમને રાંડો રાખી ઘરમાંહિ,
જેનું ખરચ હમેશ અપાયેરે.   હાય હાય.
તે રાંડ જેવી તેવી નહોતી, પણ ઉમદા તે લાડણ હોતી,
તે તો તમાચો મારીને પઇસા ખાતીરે.   હાય હાય.
અમે ભેંશ ભડકે એવું ખેંચીએ, રબર ટાયરની ગાડીમાં બેસીએ
પણ સાચું કદી નવ બોલીએરે.   હાય હાય.
તારા ઘરમાં તે કાણુ સ્વરૂપે, તેનો વીવાહ તેં ભાગ્યો ક્રૂરે,
તેમાં ખોટું દેખાયે તમારૂંરે.   હાય હાય.

ટીલીયારામ—અહોહો મારૂં આટલું બધું માન.

ચટપટીઆહોરત—હજી બીજું ગીત તો સાંભળો.
(વારે ધા વીઠ્ઠલા વેલો એ રાગ.)

ટીલીઆ તે તો હાટજ વાળયો, હરખનો દીનનો આજ્યેરે૦ ટી૦
કીતીનું શું ઉંટ ન જાણેને, શાને કરે છે તું પહેલ;
કાળ ચક્ર તારા માથે ભમે છે, ને જીવ તારો જશે ખેર,
પૃથ્વીનો તે ભાર ઉતરશે, છોકરાં તારાં ઝુરી મરશેરે. ટી૦
જેમાં ને તેમાં તુંય દોડે છે, સાંપજ્યની માફક હમેશ,
પાણીના નળ માટે તે કંપ, ઓછો નહોતો કીધો કલેશ,
તેમાં કાંઇ વારું ન હાવ્યુરે. ટી૦
સગાં સંબંધી સરવેને કીધું તું, નળ ન લેશો કોઇ;
લેવોરે હોય તો મારીરે પાસે આવશો નહીં ભાઇ,
છેવટે તેં વો નળજ લીધા, લોકે તને ઠામજ દીધારે. ટી૦
પરનાતીલાની કન્યા લાવેલાને નાતીથી દુર કીધાં,
વાસ છોકરાઓ હોટલમાં બેસે તેનાથી એછે પીધા;
બીચારાના નીસાસા લેછે આંખો તારી ફુટી જાશેરે. ટી૦

આનંદરાવ તો હદ વાળી નાંખી કે પોતાના કુટુંબને સુધારાના બાપી બનાવી નાંખ્યા પણ અલ્યા ટીલીઆ તારા કરતાં તો તે લોકો ઘણાજ સારા છે, પણ તારા ઘરમાં તું તપાસ કર કે તારા ઘરમાં કેટલા નીચ તરહ ખરાબ કામ થાય છે. તેથી તારે ઉંચું મોડું કાઢી બોલવાનું રહ્યું નથી. ધીક છે તારા સ્વભાવને ધીક છે તારી દેહને કે તારા ઘરમાં તું સ્તન પાક્યો કે આ તારા ઘરના પાગળીઆ હાથે કરી જોયે છે હીક સાહેબજી:—

(સંપુર્ણ.)